# ગુજરાત જાહેર સેવા આયોગ
# ગાંધીનગર

આર-૪ શાખા

શિક્ષણ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળની શિક્ષણ (બી.એડ) વિદ્યાશાખાની કોલેજો ખાતે વિવિધ વિષયોના મદદનીશ પ્રાધ્યાપક (ગુજરાત શિક્ષણ સેવા) વર્ગ-રની કુલ ૦૭ જાહેરાતોની કુલ ૨૮ જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે જાહેરાત ક્રમાંક:૪૭/૨૦૨૦-૨૧ થી જાહેરાત ક્રમાંક:૫૩ / ૨૦૨૦-૨૧ માટે Online અરજીઓ મંગાવવા તા:૧૦-૧૧-૨૦૨૦, ૧૩.૦૦ કલાક થી તા.૦૧-૧૨-૨૦૨૦, ૧૩.૦૦ કલાક સુધી મંગાવવામાં આવે છે.

આ જાહેરાતની અન્ય વિગતો આયોગના નોટીસ બોર્ડ અથવા આયોગની વેબ સાઇટ **https://gpsc-ojas.gujarat.gov.in** ઉપર જોવા વિનંતી છે. જાહેરાતની સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઇટ પર વંચાણે લઇને જ ઉમેદવારે Online અરજી કરવાની રહેશે.

**1.** આ જાહેરાતની નીચે દર્શાવેલ વિષયોની પ્રાથમિક કસોટી,પ્રાથમિક કસોટીનું પરિણામ અને રુબરુ મુલાકાતની સંભવિત તારીખ/માસ નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

| જા.ક્ર. | વિષયનું નામ | પ્રાથમિક કસોટીની સૂચિત તારીખ | પ્રાથમિક કસોટીના પરિણામનો સૂચિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ |
|---|---|---|---|---|
| ૪૭/૨૦-૨૧ | અર્થશાસ્ત્ર પધ્ધતિ | ૦૨-૦૫-૨૦૨૧ | જુલાઇ-૨૧ | ઓક્ટોમ્બર-૨૧ |
| ૪૮/૨૦-૨૧ | અંગ્રેજી પધ્ધતિ | ૦૯-૦૫-૨૦૨૧ | જુલાઇ-૨૧ | ઓક્ટોમ્બર-૨૧ |
| ૪૯/૨૦-૨૧ | ગુજરાતી પધ્ધતિ | ૧૬-૦૫-૨૦૨૧ | જુલાઇ-૨૧ | ઓક્ટોમ્બર-૨૧ |
| ૫૦/૨૦-૨૧ | હિન્દી પધ્ધતિ | ૨૩-૦૫-૨૦૨૧ | જુલાઇ-૨૧ | ઓક્ટોમ્બર-૨૧ |
| ૫૧/૨૦-૨૧ | સમાજશાસ્ત્ર/સામાજિક વિજ્ઞાન પધ્ધતિ | ૦૪-૦૪-૨૦૨૧ | જૂન-૨૧ | સપટેમ્બર-૨૧ |
| ૫૨/૨૦-૨૧ | સંસ્કૃત પધ્ધતિ | ૦૪-૦૪-૨૦૨૧ | જૂન-૨૧ | સપટેમ્બર-૨૧ |
| ૫૩/૨૦-૨૧ | વિજ્ઞાન/ગણિત પધ્ધતિ | ૦૪-૦૪-૨૦૨૧ | જૂન-૨૧ | સપટેમ્બર-૨૧ |

**1.1 જગ્યાનું નામ:-** સરકારી શિક્ષણ (બી.એડ) વિદ્યાશાખાની કોલેજો ખાતે વિવિધ વિષયોના મદદનીશ પ્રાધ્યાપક (ગુજરાત શિક્ષણ સેવા) વર્ગ-૨ની કુલ ૦૭ જાહેરાતોની કુલ ૨૮ જગ્યાઓ

| ક્રમ | વિષયનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલા માટે અનામત જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ.વ | સામાન્ય | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ.વ |
| ૧ | અર્થશાસ્ત્ર પધ્ધતિ | ૪ | ૩ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | અંગ્રેજી પધ્ધતિ | ૪ | ૩ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | ગુજરાતી પધ્ધતિ | ૪ | ૩ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | હિન્દી પધ્ધતિ | ૪ | ૩ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | સમાજશાસ્ત્ર/ સામાજિક વિજ્ઞાન પધ્ધતિ | ૪ | ૩ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | સંસ્કૃત પધ્ધતિ | ૪ | ૩ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | વિજ્ઞાન/ ગણિત પધ્ધતિ | ૪ | ૩ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**1.2:- સ્પષ્ટતા**

i. આ જાહેરાતોમાં આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારો (EWSs) કેટેગરીમાં ઉમેદવારી કરનાર ઉમેદવારોએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક : એ.ડબલ્યું.એસ./૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ માં નિયત થયેલ અંગ્રેજીમાં " Annexure-KH " અથવા ગુજરાતીમાં " પરિશિષ્ટ-ગ" મુજબનું નિયત કરેલ પ્રમાણપત્ર અત્રેથી સૂચના મળેથી રજુ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર રજુ ન કરેથી આયોગ દ્વારા વિચારણા કરી ઉમેદવારી રદ પણ કરી શકાશે.

ii. સામાન્ય વહીવટ વિભાગના તા.૬/૨/૨૦૧૯ના પરિપત્ર ક્રમાંક : પરચ/૧૦૨૦૧૯/૨૮૬૭૧/ગ-૨ની સૂચના મુજબ જે રીતે OBC/SC/ST કેટેગરીને નિયત વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવે છે તેમ આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારો (EWSs) ને પણ મળવાપાત્ર થશે,તે જ રીતે નિયત કરેલ

ફી/ફોર્મ ફીમાં પણ રાહત મળવાપાત્ર થશે. અર્થાત આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ સુધારેલ જાહેરાત અન્વયે કોઇ ફી ભરવાની રહેશે નહિ. સામાન્ય વહીવટ વિભાગના તા.૧૮/૨/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક : પવસ/૧૦૨૦૧૯/૨૨૨૨/ગ-૪ થી પણ આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોને પરીક્ષા ફી અને ફોર્મની કિંમત ચુકવવામાંથી મુક્તિ આપવામાં આવેલી છે.

iii. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૨/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧/૨૦૧૬/૨૮૨૩૨૩/ગ-૫ મુજબ સૂચના મુજબ આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારો (EWSs) ને ઉપલી વયમર્યાદા ૪૫ (પીસ્તાળીસ) વર્ષથી વધે નહિ તે રીતે ૦૫ (પાંચ) વર્ષનો લાભ મળવાપાત્ર રહેશે. જો આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવાર સરકારી કર્મચારી હોય તો ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો.,૧૯૬૭ના નિયમ ૮(૫-ક)(૩) મુજબ ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છુટછાટ આર્થિક રીતે નબળા વર્ગોના નાગરિકો/વ્યકિતોને મળવાપાત્ર છુટછાટ ઉપરાંતની ગણવાની રહેશે.

## 1.3 નોંધ –

(૧) ઉપર દર્શાવેલ ૦૭ જાહેરાતોની કુલ ૨૮ જગ્યાઓ પૈકી કુલ - ૦૦ જગ્યા શારીરીક રીતે અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે તથા માજી સૈનિકો માટે કુલ ૨૮ જગ્યાઓ પૈકી કુલ-૦૦ જગ્યા અનામત છે. નીચે દર્શાવ્યા પ્રમાણેની જે વિષયની જાહેરાતમાં શારીરીક રીતે અશક્ત હોય ત્યાં આધુનિક ટેકનોલોજીને ધ્યાને લઇને ૪૦ % કે તેથી વધુ અને ૧૦૦ % સુધી શારીરીક રીતે અશક્તત ઉમેદવારો અરજી કરી શકશે.

| ક્રમ | વિષય | નીચે દર્શાવેલ શારીરીક રીતે અશક્તતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને યોગ્ય છે. |
|---|---|---|
| ૧ | અર્થશાસ્ત્ર પધ્ધતિ | BLA, OL, B, LV. |
| ૨ | અંગ્રેજી પધ્ધતિ, ગુજરાતી પધ્ધતિ, હિન્દી પધ્ધતિ, ગણિત / વિજ્ઞાન પધ્ધતિ, સંસ્કૃત પધ્ધતિ | BL, OA, OL, OAL, B, LV |
| 3 | સોશ્યોલોજી પધ્ધતિ | OL, BL, OA, B, LV |

**Note: OA= One arm, OL= One Leg, BA=Both Arms, BL=Both Leg, OAL=One Arm and One Leg, BLOA=Both Leg & one arm, BLA=Both Legs & Arms, B=-Blind, LV= Low Vision**

(૨) અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામત ઉમેદવારો માટેનાં ધોરણો લાગુ પડશે.

(૩) મહિલાઓ માટેની (જો અનામત જગ્યા હોય તો) અનામત જગ્યા માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો તે જગ્યા તે કક્ષાના પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

(૪) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઇન અરજી કરવી, ઓનલાઇન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે.

(૫) કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજુઆત /વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૬) એક કરતા વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિન અનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે.

(૭) ઉમેદવારોએ રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજુ કરવાના થતાં પ્રમાણપત્રો ( સામાન્ય સૂચનાઓમાં આપેલ ક્રમમાં ) તૈયાર રાખવાના રહેશે.

(૮) ઓનલાઈન જાહેરાત માટેના ભરેલા અરજીપત્રક બિડાણ સહિત આયોગની કચેરીમાં હાલ પૂરતા મોકલવા નહીં, આયોગ દ્વારા જ્યારે મંગાવવામાં આવે ત્યારે જ મોકલી આપવા.

## 2. શૈક્ષણિક લાયકાત:

**(A)** Possess,-

**(i) (a)** A master Degree in Science or Humanities or Arts with minimum fifty percentage marks or its equivalent grade of B in the seven points scale with letter grades 'O', 'A', 'B', 'C', 'D', 'E' and 'F' obtained from any of the Universities or institutions established or incorporated by or under the Central or State Act in India, or any other educational institution recognised as such or declared deemed to be a University under section 3 of the University Grants Commission Act, 1956 or possess an equivalent qualification; and

**(b)** A degree of M. Ed. (Master of Education) with minimum fifty five percentage or its equivalent grade of B in the seven points scale with letter grades ‘O’, ‘A’, 'B', 'C', 'D', 'E' and 'F' obtained from any of the Universities or institutions established or incorporated by or under the Central or State Act in India, or any other educational institution recognised as such or declared deemed to be a University under section 3 of the University Grants Commission Act, 1956; or

**(ii) (a)** A degree of M.Ed. or M.A. in Education with minimum fifty five percentage or its equivalent grade of B in the seven points scale with letter grades 'O', 'A', 'B', 'C', 'D', 'E' and F' obtained from any of the Universities or institutions established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognised as such or declared deemed to be a University under section 3 of the University Grants Commission Act, 1956; and

**(b)** A degree of B. Ed. with minimum fifty five percentage or its equivalent grade of B in the seven points scale with letter grades 'O', 'A', 'B, 'C', 'D', 'E' and 'F' obtained from any of the Universities or institutions established or incorporated by or under the Central or State Act in India, or any other educational institution recognised as such or declared deemed to be a University under section 3 of the University Grants Commission Act, 1956.

**Explanation:** It is hereby clarified that where the University or College or Institution declare results in grade point which is on a scale of seven, the following mechanism shall be referred to ascertain equivalent marks in percentage:

| Grade | Grade point | Percentage equivalent |
|---|---|---|
| 'O'- Outstanding | 5.50-6.00 | 75-100 |
| 'A'- Very good | 4.50-5.49 | 65-74 |
| 'B'- Good | 3.50-4.49 | 55-64 |
| 'C'- Average | 2.50-3.49 | 45-54 |
| 'D'- Below Average | 1.50-2.49 | 35-44 |
| 'E'- poor | 0.50-1.49 | 25-34 |
| 'F'- Fail | 0-0.49 | 0-24 |

(c) National Eligibility Test (NET) or State Level Eligibility Test (SLET) shall remain the minimum eligibility condition for recruitment and appointment of Assistant Professors in the Government B. Ed. Colleges:

Provided that a candidate, who has been awarded Ph. D. Degree in compliance of the University Grants Commission (minimum standards and procedure for award of Ph. D. degree), Regulation 2009, shall be exempted from the requirement of the minimum eligibility condition of National Eligibility Test (NET) or State Level Eligibility Test (SLET) for recruitment and appointment of Assistant Professor or equivalent position in the Government B.Ed. Colleges;

Provided further that 5% marks may be relaxed (i.e. from 55% to 50% or in the seven point scale in the letter grades 'O', 'A', 'B', 'C', 'D', 'E' and 'F', Grade 'C' and 3 or more grade points shall be required at the Master's Degree level to the physically and visually handicapped persons in accordance with the provisions of the Persons with Disabilities (Equal Opportunities, Protection of Rights and Full Participation), Act 1995.

**(B)** યુજીસી વિનિયમોને સુસંગત કોઇ વિસંગતતા/અર્થઘટન અને વધારાની લાયકાત કે પદવીઓની સમકક્ષતા બાબતે સરકારશ્રી દ્વારા લેવાયેલ નિર્ણય આખરી રહેશે.

**3.** ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

**4.** ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

**5.** પગાર ધોરણ:- એકેડેમિક લેવલ -૧૦, રૂ.૫૭, ૭૦૦/-

**6.** ઉંમર :૪૪ વર્ષથી વધુ નહી.

**7.** ઉંમરમાં છૂટછાટ અને અન્ય જોગવાઇઓ: જો જાહેરાતમાં અનામત કેટેગરીની જગ્યા હોયતો ઉપલી વયમર્યાદામાં નીચે મુજબ છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧. | બિન અનામત મહિલા ઉમેદવાર | પાંચ વર્ષ<br>(વધુમાં વધુ ૪૫ વર્ષ સુધીની મર્યાદામાં) |
| ૨. | મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગ (EWSs) સા.શૈ.પ.વર્ગ, અનુ. | પાંચ વર્ષ<br>(વધુમાં વધુ ૪૫ વર્ષ સુધીની મર્યાદામાં) |

| | | |
|---|---|---|
| | જાતિ અને અનુ. જનજાતિના ઉમેદવારો માટે | |
| ૩. | આર્થિક રીતે નબળા વર્ગ (EWSs), સા.શૈ.પ.વર્ગ, અનુ. જાતિ અને અનુ. જનજાતિના મહિલા ઉમેદવારો માટે | દસ વર્ષ (જેમાં મહિલા ઉમેદવારોને મળતા ૫ વર્ષના લાભનો સમાવેશ થાય છે.)<br>(વધુમાં વધુ ૪૫ વર્ષ સુધીની મર્યાદામાં) |
| ૪. | માજી સૈનિકો, ઈ.સી.ઓ., એસ.એસ.સી.ઓ. સહિત (અનામત જગ્યા દર્શાવેલ હોય તો) | લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ. (વધુમાં વધુ ૪૫ વર્ષ સુધીની મર્યાદામાં) |
| ૫. | શારીરિક રીતે અશકત ઉમેદવારો | શારીરિક રીતે અશક્તતા ધરાવતા ઉમેદવારો કે જેઓ આ જગ્યાની ફરજો સામાન્ય માણસોની જેમ બજાવવા શક્તિમાન હોય, તેઓને સા.વ.વિ. ના તા.૧-૧૨-૨૦૦૮ ના પરિપત્રથી નિયત થયેલ સુપ્રિટેન્ડન્ટ/સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધીન ૧૦ વર્ષ સુધીની છુટછાટ મળવાપાત્ર છે. **(વધુમાં વધુ ૪૫ વર્ષ સુધીની છુટછાટ મળશે)** જાહેરાતમાં દર્શાવ્યા સિવાયની શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર નથી. |
| ૬. | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલકી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાએ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ .<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમા ની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાત વાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના |

| | | |
|---|---|---|
| | | સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે. |

**8. નોંધ –**

(૧) રૂબરૂ મુલાકાતમાં આયોગની સુચનાઓ/ધોરણો નીચે મુજબ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઇઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઇ નીચે મુજબ અનુસરવાનું રહેશે.

| કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવતા ઉમેદવારોની સંખ્યા |
|---|---|
| ૦૧ | ૦૬ |
| ૦૨ | ૦૮ |
| ૦૩ | ૧૦ |
| ૦૪ કે તેથી વધુ | કુલ જગ્યાઓથી ૦૩ ગણા |

(૨) જો યુનિવર્સીટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/આધાર અરજી સાથે રજૂ કરવાના રહેશે.

(૩) જો ઉમેદવાર વિદેશની યુનિવર્સીટીની પદવી મેળવેલ હશે તો તેવી પદવીની ભારતમાં માન્યતા/સમકક્ષતા ગણવા અંગે જરૂરી આધાર/પુરાવા રજૂ કરવાના રહેશે.

(૪) અરજી ફી: સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની ફી રૂ.૧૦૦/- + પોસ્ટલ ચાર્જ. મૂળ ગુજરાતના અનામત કક્ષાના,માજી સૈનિકો તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ ફી ભરવાની નથી. ગુજરાત રાજ્યના અનામત ઉમેદવારો સિવાયના અન્ય ઉમેદવારોએ નિયત ફી ભરવાની રહેશે.

**(આશા શાહ)**
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

# GUJARAT PUBLIC SERVICE COMMISSION
# Gandhinagar

R-4 Branch

Online applications are invited for the post of Professor of concern subject for Govt. Education (B.Ed) Colleges, Class-II, (total 24 posts in total 07 advt.) under the Education department, Gujarat State. Advt. No.47/2020-21 to 53/2020-21 during date-10/11/2020, 13.00 to date-01/12/2020, 13.00

Candidates are instructed to visit Notice Board or the Website of Commission **https://gpsc-ojas.gujarat.gov.in** for all provisions of advertisement, General Instructions, application form and age relaxation.

**1.** Tentative date/month of the Preliminary test, Result of Preliminary test and Interview of 07 advt. are shown below.

| Advertisement No. | Subject | Tentative Date of Preliminary Test | Tentative Date of Result of PT | Tentative Month of Interview |
|---|---|---|---|---|
| 47/2020-21 | Economics Method | 02-05-2021 | JULY-21 | OCT-21 |
| 48/2020-21 | English Method | 09-05-2021 | JULY-21 | OCT-21 |
| 49/2020-21 | Gujarati Method | 16-05-2021 | JULY-21 | OCT-21 |
| 50/2020-21 | Hindi Method | 23-05-2021 | JULY-21 | OCT-21 |
| 51/2020-21 | Sociology/Social Science Method | 04-04-2021 | JUNE-21 | SEP-21 |
| 52/2020-21 | Sanskrit Method | 04-04-2021 | JUNE-21 | SEP-21 |
| 53/2020-21 | Science/Mathematics Method | 04-04-2021 | JUNE-21 | SEP-21 |

**1.1 Name of Post:** Professor in various subjects for Govt. Education (B.Ed) Colleges, Class-II (Total 24 posts in 07 Advt.)

| Advt. No. | Subject | Total Vacancy | Category wise vacancy | | | | | Out of total Post reserved for Women | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | General | EWSs | S.C | S.T. | S.E.B.C. | General | EWSs | S.C. | S.T. | S.E B.C |
| 47/2020-21 | Economics Method | 4 | 3 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 48/2020-21 | English Method | 4 | 3 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 |
| 49/2020-21 | Gujarati Method | 4 | 3 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 |
| 50/2020-21 | Hindi Method | 4 | 3 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 |
| 51/2020-21 | Sociology/Social Science Method | 4 | 3 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 |
| 52/2020-21 | Sanskrit Method | 4 | 3 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 |
| 53/2020-21 | Science/Mathematics Method | 4 | 3 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 |

## 1.2 Clarification :-

i. Certificates for eligibility for reservation in favour of EWS of citizens shall be in the format as prescribed by Social Justice and Empowerment Department, Government of Gujarat's Resolution No: EWS/122019/45903/A, Date: 25/01/2019. (Annexure-KH in English and Annexure-G in Gujarati). The candidates shall mention the number and date of EWS certificate while applying online.

ii. The upper age limit in case of EWS category candidates shall be relaxed for five years. (maximum up to 45 years). Candidates of EWS category are exempted from paying Examination fees and application fees. The upper age limit in case of female candidates of EWS category shall be relaxed for 10 years. (Maximum) up to 45 years.

iii. Upper age limit will be calculated as on the last date of the receipt of the application of original advertisement, whereas Educational Qualification and Experience will be calculated as on the last date of the receipt of the application of revised advertisement.

## 1.3 Note :

(1) Out of above mentioned 28 posts in 07 advt., 00 posts are reserved for Persons with Disabilities Candidates and 00 posts are reserved for Ex-Servicemen Candidates. Advertisement of according to below Faculty, Candidate having disability more than 40 % and up to 100 % can apply. The candidates possessing other than the prescribed physical disabilities are not eligible to apply.

| SR. NO. | Subject | Mentioned Persons with Disabilities are eligible to apply |
|---|---|---|

| | | |
|---|---|---|
| 1 | Economics Method | BLA, OL, B, LV. |
| 2 | English Method, Gujarati Method, Hindi Method, Science/Mathematics Method, Sanskrit Method | BL, OA, OL, OAL, B, LV |
| 3 | Sociology/Social Science Method | OL, BL, OA, B, LV |

**Note: OA= One arm, OL= One Leg, BA=Both Arms, BL=Both Leg, OAL=One Arm and One Leg, BLOA=Both Leg & one arm, BLA=Both Legs & Arms, B=-Blind, LV= Low Vision**

(2) The candidates belonging to reserved category can apply against vacancies for unreserved Category and the criteria will be applicable as per unreserved category.

(3) In case of non-availability of Women candidate in the respective category (If woman reserved posts are available), the reserved post will be allotted to male candidates belonging to the same category.

(4) Candidates shall carefully read advertisement no. and name of post before applying online. Candidate shall confirm the application only after verifying the details filled in the application form.

(5) Any request or representation to correct any error or omission in the confirmed online application, or information filled in by the candidate shall not be accepted.

(6) In case of more than one online application made by the candidate, only the latest confirmed application will be considered by the commission. For candidates belonging to unreserved category, the last confirmed application with fees will be considered by the commission.

(7) Candidates shall keep ready the certificates required in case of eligibility for interview (in the order mentioned in general instructions).

(8) Candidates are requested that do not send physical copy of the application (Online applied) to the commission if not so requested.

## 2. Education Qualification:-

**(A)** Possess,-

**(i) (a)** A master Degree in Science or Humanities or Arts with minimum fifty percentage marks or its equivalent grade of B in the seven points scale with letter grades 'O', 'A', 'B', 'C', 'D', 'E' and 'F' obtained from any of the Universities or institutions established or incorporated by or under the Central or State Act in India, or any other educational institution recognised as such or declared deemed to be a University under section 3 of the University Grants Commission Act, 1956 or possess an equivalent qualification; and

**(b)** A degree of M. Ed. (Master of Education) with minimum fifty five percentage or its equivalent grade of B in the seven points scale with letter grades ‘O’, ‘A’, 'B', 'C', 'D', 'E' and 'F' obtained from any of the Universities or institutions established or incorporated by or under the Central or State Act in India, or any other educational institution recognised as such or declared deemed to be a University under section 3 of the University Grants Commission Act, 1956; or

**(ii) (a)** A degree of M.Ed. or M.A. in Education with minimum fifty five percentage or its equivalent grade of B in the seven points scale with letter grades 'O', 'A', 'B', 'C', 'D', 'E' and F' obtained from any of the Universities or institutions established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognised as such or declared deemed to be a University under section 3 of the University Grants Commission Act, 1956; and

**(b)** A degree of B. Ed. with minimum fifty five percentage or its equivalent grade of B in the seven points scale with letter grades 'O', 'A', 'B, 'C', 'D', 'E' and 'F' obtained from any of the Universities or institutions established or incorporated by or under the Central or State Act in India, or any other educational institution recognised as such or declared deemed to be a University under section 3 of the University Grants Commission Act, 1956.

**Explanation:** It is hereby clarified that where the University or College or Institution declare results in grade point which is on a scale of seven, the following mechanism shall be referred to ascertain equivalent marks in percentage:

| Grade | Grade point | Percentage equivalent |
|---|---|---|
| ‘O’- Outstanding | 5.50-6.00 | 75-100 |
| ‘A’- Very good | 4.50-5.49 | 65-74 |
| ‘B’- Good | 3.50-4.49 | 55-64 |
| ‘C’- Average | 2.50-3.49 | 45-54 |
| ‘D’- Below Average | 1.50-2.49 | 35-44 |
| ‘E’- poor | 0.50-1.49 | 25-34 |
| ‘F’- Fail | 0-0.49 | 0-24 |

**(c)** National Eligibility Test (NET) or State Level Eligibility Test (SLET) shall remain the minimum eligibility condition for recruitment and appointment of Assistant Professors in the Government B. Ed. Colleges:

Provided that a candidate, who has been awarded Ph. D. Degree in compliance of the University Grants Commission (minimum standards and procedure for award of Ph. D. degree), Regulation 2009, shall be exempted from the requirement of the minimum eligibility condition of National Eligibility Test (NET) or State Level Eligibility Test (SLET) for recruitment and appointment of Assistant Professor or equivalent position in the Government B.Ed. Colleges;

Provided further that 5% marks may be relaxed (i.e. from 55% to 50% or in the seven point scale in the letter grades ‘O', ‘A’, 'B', 'C', 'D', 'E' and 'F', Grade 'C' and 3 or more grade points shall be required at the Master's Degree level to the physically and visually handicapped persons in accordance with the provisions of the Persons with Disabilities (Equal Opportunities, Protection of Rights and Full Participation), Act 1995.

**(B)** If there is any discrepancy or additional qualification required (without deviation from the minimum qualifications prescribed by UGC) the final decision will be taken in consultation with State Government to be implemented in all advertisement time to time.

**3.** The basic knowledge of Computer Application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment(General) Rules, 1967; and

**4.** Adequate knowledge of Gujarati or Hindi or Both

**5.** Pay Scale: - Academic Level-10, Rs. 57,700/-

**6. Age:** Not more than 44 years. Age will be considered as on last date of application.

**7.** Upper Age relaxation and other provision considered as per below table.

| | | |
|---|---|---|
| 1 | Women Candidates belonging to Unreserved Category | 05 Years (Maximum 45years) |
| 2 | EWSs, S.C., S.T. & S.E.B.C. Category of Gujarat origin | 05 Years (Maximum 45years) |
| 3 | Women Candidates belonging to EWSs, S.C., S.T. & S.E.B.C. Category of Gujarat origin | 10 Years (Including Five years relaxation for women) Maximum 45years, |
| 4 | Ex. Serviceman Including E.C.O. / S.S.C.O. | Length of Military Service plus three years, (Maximum 45years) |
| 5 | Physically Disabled Candidates Eligible in Respective Category in Concerned subject. | maximum up to 10 (ten) years subject to his / her ability to discharge duties attached to the posts, as may be performed by any other normal persons, on the basis of production of medical certificate prescribed by GAD circular dated 01-12-2008 from the Medical Board |
| 6 | As per Gujarat Civil Services Classification and Recruitment (General) Rules 1967 and amendment from time to time, a candidate who is already in Gujarat Govt. service, either as a permanent or a temporary officiating continuously for six months and had not crossed age limit prescribed for the Advertised post at the time of his first appointment. | (1) If experience is prescribed as one of the qualifications, the upper age limit shall not apply.<br>(2) If experience is not prescribing as one of the qualifications and Govt. servant appointed to a post requiring a Medical, Engineering, Veterinary or, Agriculture degree or diploma and who applied for any such post, the upper age limit shall not apply.<br>(3) If experience is not prescribe as one of the qualifications in the advertisement, Govt. servant who are working on the post |

| | | |
|---|---|---|
| | | from which an employee can be promoted to the post so advertised, be entitled to relaxation of 5 years, or to the extent of equal number of years for which service has been put in by him, which is less. |

## 8. NOTE:

1. As per the Instruction/Provision of the commission, the candidates of each category are being called for interview as per following norms:

| No. of Post | Candidates to be called for an interview |
|---|---|
| 01 | 06 |
| 02 | 08 |
| 03 | 10 |
| 04 & more | 03 times of the post |

2. The candidates must be produced formula/method of calculation of percentage where percentage of marks is not given by the University.

3. The candidates having qualification from foreign University. He/She must be produced necessary documents /proof regarding the recognition/equivalence of their degree.

4. Application Fee ; General candidate have to pay Rs.100/- + Postal service charge, Unreserved candidate Origin of Gujarat, Ex. Serviceman and Person of the disability candidate do not need to pay fees ,Unreserved candidate of other state have to pay prescribed fees.

(Asha Shah)
Joint Secretary
Gujarat Public Service Commission

## જાહેરાતની સામાન્ય જોગવાઈઓ

**૧ નાગરિકત્વ:-**

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી,૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ,અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટાક્રમાંક (ખ), (ગ), (ઘ), અને (ચ) માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

**નોંધ:-** જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે. અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

**૨ ભરેલા અરજીપત્રક:-**

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૨) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો અરજી ફી ભરવાની રહેશે નહી.

(૩) બિન અનામત વર્ગના ઉમેદવારોની અરજી ફી વગરની અગ્રિમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહી.

(૪) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેને બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૫) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૬) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા

મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૭) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલાઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે..(દા.ત.કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

(૮) ઓનલાઈન જાહેરાત માટેના ભરેલા અરજીપત્રક (જે રોલ નંબર પર ઉમેદવાર ઉપસ્થિત રહ્યા હોય તે જ અરજીપત્રક) બિડાણ સહિત આયોગની કચેરીમાં હાલ પૂરતા મોકલવા નહીં, આયોગ દ્વારા જ્યારે મંગાવવામાં આવે ત્યારે જ મોકલી આપવા.

## ૩ જન્મ તારીખ:-

(૧) આયોગ જન્મ તારીખ ના પુરાવા માટે એસ. એસ. સી. ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ .............. છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

## ૪ વયમર્યાદા :-

(૧) ઉંમર જાહેરાતની અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના (૦૧-૧૨-૨૦૨૦) રોજ ગણવામાં આવશે.

(૨) સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર અનામત વર્ગના SEBC,SC,ST,EWSs વર્ગના ઉમેદવારોને જગ્યાના અનુસંધાને તથા બિન અનામત મહિલા ઉમેદવારને ૦૫ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષ સુધી) ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે.

(૩) જાહેરાતમાં ઉપલી વયમર્યાદા આપવામાં આવેલ છે, તેમાં ગુજરાત સરકારના કર્મચારિઓ કે જેઓ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસ સુધી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂંક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વયમર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહીં.

| ૫ | **શૈક્ષણિક લાયકાત:-**

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના (તા.૦૧-૧૨-૨૦૨૦) રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવાર નો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

| ૬ | **અનુભવ:-**

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) (અ) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી,

(બ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ), મૂળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો પ્રકાર/મેળવેલ અનુભવની વિગતો સાથેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ પર સક્ષમ સત્તાધિકારીની સહી અને તારીખ સાથેનું રજુ કરવાનું રહેશે.

(૪) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં.અરજી કર્યા પછી અનુભવના નવા પ્રમાણપત્રો સ્વીકારવામાં આવશે નહી.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણત્રીમાં લેવામાં આવશે નહીં.

| ૭ | **અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક રીતે નબળા વર્ગ:-**

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, આર્થિક રીતે નબળા વર્ગ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, આર્થિક રીતે નબળા વર્ગ ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રક અને પરિશિષ્ટની સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' મુજબનું અથવા નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬) (બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર'ની મહત્તમ અવધિ (Validity) ઈસ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ.જો, આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

<u>નોંધ:</u> ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ હોવા અંગેના પ્રમાણપત્રની માન્યતા/સ્વીકૃતિ તથા સમયગાળા અને અવધિના અર્થઘટન બાબતે સરકારશ્રીના ઠરાવો/પરિપત્રોની જોગવાઈઓ આખરી ગણાશે.

(૬) (ક) પરિણિત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તેમની અરજી રદ્દ કરવામાં આવશે.

અરજી સાથે ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક'અથવા 'પરિશિષ્ટ-૪'ને બદલે અંગ્રેજી નમૂના 'Annexure-A' માં પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો પણ અરજી રદ્દ કરવામાં આવશે કેમકે 'Annexure-A'ભારત સરકાર હેઠળ રોજગારી માટે આપવામાં આવે છે, નહિ કે ગુજરાત સરકાર હેઠળ.

(૬)(ડ) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર

મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૬)(ઇ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

**નોંધ-૧**: સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/ ૧૨૨૦૧૯/ ૪૫૯૦૩ /અ, તા. ૨૬.૦૬.૨૦૨૦ ની જોગવાઇ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ (issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. પરંતુ તા. ૨૫.૦૧.૨૦૧૯ થી તા. ૧૨.૦૯.૨૦૧૯ સુધી ઇસ્યુ થયેલ EWS પ્રમાણપત્રની વધારેલ અવધિનો લાભ લેવા માટે ઉમેદવારે તેના કુટુંબની આવકમાં વધારો થયો નથી અને રાજ્ય સરકારના અનામતના હેતુ માટે નક્કી થયેલ પાત્રતાના માપદંડ મુજબ લાયક ઠરે છે તેવી બાહેંધરી ઉક્ત ઠરાવ સાથેના પરિશિષ્ટથી નિયત કર્યા મુજબના નમૂનામાં આપવાની રહેશે. આયોગ જ્યારે EWS પ્રમાણપત્ર મગાવે તે સમયે ઉમેદવારે પ્રમાણપત્રની સાથે આ બાંહેધરી રજૂ કરવાની રહેશે. આ જોગવાઇના દૂરુપયોગ બદલ અનામતનો લાભ રદ થવા પાત્ર છે અને ઉમેદવાર કાયદેસરની કાર્યવાહીને પાત્ર બને છે. જેથી વધારેલ અવધિનો લાભ લેતા અગાઉ ઉમેદવારોએ ઉક્ત ઠરાવની તમામ જોગવાઇ ઓનો અભ્યાસ કરી લેવા જણાવવામાં આવે છે.

**નોંધ-૨**: સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૨૨૦૧૫/ ૪૫૫૨૪૬/ અ, તા. ૧૨.૦૬.૨૦૨૦ ની જોગવાઇઓને આધીન તા. ૦૧.૦૪.૨૦૧૬ થી તા. ૩૧.૦૩.૨૦૧૭ અને તા. ૦૧.૦૪.૨૦૧૭ થી તા. ૩૧.૦૩.૨૦૧૮ દરમિયાન ઇસ્યુ કરવામાં આવેલ ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર" (Non Creamy Layer Certificate) ને પણ માન્ય ગણવામાં આવશે પરંતુ આ સમયગાળા દરમિયાન ઇસ્યુ થયેલ પ્રમાણપત્ર સાથે ઉમેદવારે તેના "બિન ઉન્નત વર્ગના દરજ્જા" (Non Creamy Layer Status) માં કોઇ ફેરફાર થયેલ નથી તથા તેઓ રાજ્ય સરકારના અનામતના હેતુ માટે નક્કી થયેલ પાત્રતાના માપદંડ મુજબ લાયક ઠરે છે તે મુજબનું બાંહેધરીપત્રક ઉક્ત ઠરાવ સાથેના પરિશિષ્ટથી નિયત થયેલા નમૂનામાં આપવાનું રહેશે. આયોગ જ્યારે NCLC પ્રામાણપત્ર મંગાવે તે સમયે ઉમેદવારે પ્રમાણપત્રની સાથે આ બાંહેધરી રજૂ કરવાની રહેશે.આ જોગવાઇના દુરુપયોગ

બદલ અનામતનો લાભ રદ થવા પાત્ર છે અને ઉમેદવાર કાયદેસરની કાર્યવાહીને પાત્ર બને છે. જેથી વધારેલ અવધિનો લાભ લેતા અગાઉ ઉમેદવારોએ ઉક્ત ઠરાવની તમામ જોગવાઇઓનો અભ્યાસ કરી લેવા જણાવવામાં આવે છે.

(૭) આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારો (EWSs) કેટેગરીમાં ઉમેદવારી કરનાર ઉમેદવારોએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક : એ.ડબલ્યું.એસ./૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ માં નિયત થયેલ અંગ્રેજીમાં " Annexure-KH " અથવા ગુજરાતીમાં "પરિશિષ્ટ-ગ" મુજબનું નિયત કરેલ પ્રમાણપત્ર અત્રેથી સૂચના મળેથી રજુ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર રજુ ન કરેથી આયોગ દ્વારા વિચારણા કરી ઉમેદવારી રદ પણ કરી શકાશે.

(૮) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

**જો કોઇ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવાંમાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.**

## ૮ માજી સૈનિક

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે.

(3) સામાન્ય વહીવટવિભાગના તારીખ: ૦૯/૦૭/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક –આરઇએસ૧૦૮૫૩૪૩૩ગ-૨ જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

## ૯ શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો

(ક) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(ખ) શારીરિક અશક્તતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ શારીરિક અશક્તતાનો લાભ મળવાપાત્ર રહેશે. શારીરિક અશક્તતાનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે (૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ (૨) શ્રવણની ખામી (૩) હલનચલન અશક્તતા અથવા મગજનો લકવો તે પૈકીની કઇ શારીરિક અશક્તતા છે તે દર્શાવવું.

(ગ) જાહેરાતમાં શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય,પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨,થી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં શારીરિક અશક્તતા ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં.

## ૧૦ મહિલા ઉમેદવાર

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તેની જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, શારીરિક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

## ૧૧ વિધવા ઉમેદવાર

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે “હા” અવશ્ય લખવું અન્યથા “લાગુ પડતું નથી” એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે “હા” અચૂક લખવું અન્યથા “લાગુ પડતું નથી” એમ દર્શાવવું .

(૩) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો અરજી સાથે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.

(૪) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે “વિધવા” ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે “વિધવા” બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજુ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને “વિધવા મહિલા ઉમેદવાર” તરીકેના લાભ આપવામાં આવશે.

**૧૨** **ના વાંધા પ્રમાણપત્ર:-**

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઇપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે ખાતા મારફત અરજી મોકલવાની રહેશે અથવા આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

**૧૩** **ગેરલાયક ઉમેદવાર :-**

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

**૧૪** **ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-**

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

**૧૫** **રજીસ્ટ્રેશન :-**

તબીબી/દંત વિજ્ઞાન/પશુ ચિકિત્સા/કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જેમાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને અરજી સમયે રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

## ૧૬ અગત્યની જોગવાઇઓ :-

(૧) આ જગ્યાની નિમણૂક માટે સીધી પસંદગીથી ભરતીની પ્રક્રિયા અનુસરવાની થાય છે.આ ભરતી વખતો વખત સુધર્યા મુજબ **The Gujarat Public Service Commission Procedure Rules** પ્રમાણે પ્રથમ પ્રાથમિક કસોટી અને ત્યારબાદ રૂબરૂ મુલાકાત યોજીને કરવામાં આવશે. પ્રાથમિક કસોટીના ગુણ ક્રમાંનુસાર જરૂરી અરજીઓની ચકાસણી કરી ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટેની પાત્રતા નક્કી કરાશે. આ કસોટીનું માધ્યમ આયોગ અન્યથા નક્કી કરશે નહીં તો ગુજરાતી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યતઃ ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.

(૨) પ્રાથમિક કસોટીમા મેળવેલ ગુણ આખરી પસંદગી માટે ગણવામાં આવશે. રૂબરૂ મુલાકાત માટે બોલાવવાના થતાં ઉમેદવારોમાં, જો કોઈ ઉમેદવારના પ્રાથમિક કસોટીમા ૧૦% કે તેથી ઓછા ગુણ હશે તો રૂબરૂ મુલાકાત માટે પાત્રતા નક્કી કરવા,અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી માટે વિચારણામાં લેવામાં આવશે નહીં

(૩) પ્રાથમિક કસોટીમાં સામાન્ય અભ્યાસના ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો અને સંબંધિત વિષયના ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો રહેશે.

(૪) ઉમેદવારોની આખરી પસંદગી ૫૦ ટકા ગુણભાર પ્રાથમિક કસોટીના ૩૦૦ ગુણમાથી મેળવેલ ગુણ અને ૫૦ ટકા ગુણભાર રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના આધારે કરવામાં આવશે એટલે કે પ્રાથમિક કસોટીમા ૩૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૫૦ ટકા ગુણભાર અને રૂબરૂ મુલાકાતમાં૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૫૦ ટકા ગુણભાર ગણી કૂલ ૧૦૦ ગુણમાંથી ગુણ આપવામા આવશે.

<u>સ્પષ્ટીકરણઃ-</u>

**જો ઉમેદવારે પ્રાથમિક કસોટીમા ૩૦૦ ગુણમાંથી ૧૫૦ ગુણ મેળવેલ હશે અને રૂબરૂ મુલાકાતમાં ૧૦૦ ગુણમાંથી ૬૦ ગુણ મેળવશે તો લેખિત પ્રાથમિક કસોટીના ૫૦ ટકા ગુણ ભાર મુજબ ૨૫ ગુણ અને રૂબરૂ મુલાકાતના ૫૦ ટકા ગુણ ભાર મુજબ ૩૦ ગુણ એમ કુલ ૫૫ ગુણ થશે**

(૫) સીધીપસંદગીથી ભરતી અન્વયે આયોગ દ્વારા પ્રસિધ્ધ થયેલ જાહેરાત માટે કુલ જગ્યાની સંખ્યા સામે નોંધાયેલ કુલ **On Line Applications( Duplicate Application)**બાદ કર્યા પછીની **Valid On Line Applications)** ની સંખ્યા ૨૫ કરતા વધુ હોય, ત્યારે તે જાહેરાત અન્વયે પ્રથમ પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. અને પ્રાથમિક કસોટીના પરિણામના આધારે ઉમેદવારો પાસેથી અરજી પત્રક અને જરૂરી દસ્તાવેજો મેળવી આગળની કાર્યવાહી કરવામાં આવશે. પરંતુ જો સીધી પસંદગીથી ભરતી અન્વયેપ્રસિધ્ધ થયેલ જાહેરાત અન્વયે, નોંધાયેલ કુલ **On line Valid Applications** ની સંખ્યા ૨૫ કે તેથી ઓછી હોયતો આયોગનો આદેશ મેળવી નોંધાયેલ બધાજ ઉમેદવારો પાસેથી અરજીપત્રક તથા જાહેરાતની જોગવાઈઓ મુજબ જરૂરી તમામ દસ્તાવેજ મંગાવી, પ્રથમ અરજી ચકાસણી કર્યા બાદ પ્રાથમિક કસોટી યોજવામાં આવશે.

(૬) પ્રાથમિક કસોટીમાં ઉમેદવારને **O.M.R. Sheet** માં જવાબ આપવા માટે **A, B, C, D** અને **E** એમ પાંચ વિકલ્પ આપવામાં આવશે, પાંચમો વિકલ્પ **E 'Not attended'**તરીકેનો રહેશે. જો ઉમેદવારે તમામ વિકલ્પો ખાલી રાખ્યા હોય (**encode** કર્યા ન હોય) અથવા ખોટા જવાબ આપેલ હોય તો જેતે જવાબના નિશ્રિત૦.૩ ટકા ગુણ **Negative Marks** મેળવેલ માર્કસ માથી કાપવામાં આવશે. અને જો પાંચમો વિકલ્પ **E 'Not attended'** એનકોડ કરેલ હોય તો "શૂન્ય" ગુણ કાપવાના રહેશે. અર્થાત માત્ર **E 'Not attended'** વિકલ્પ જ **encode** કર્યો હશે તો તે પ્રશ્ન માટે કોઇ નેગેટીવ ગુણ કાપવામાં આવશે નહીં.

(૭) ઉમેદવારોએ પ્રાથમિક કસોટીમાં મેળવેલ ગુણના આધારે, જાહેરાતની જોગવાઈ અને ભરતી નિયમો પ્રમાણે પાત્ર થતા કેટલા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવા તે માટે આયોગે નક્કી કર્યા મુજબ નીચે મુજબનું ધોરણ અનુસરવામાં આવશે:-

| કુલ જગ્યાઓ ની સંખ્યા | કુલ જગ્યાઓ પૈકી રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવનાર ઉમેદવારોની સખ્યાં |
|---|---|
| ૦૧ | ૦૬ |
| ૦૨ | ૦૮ |
| ૦૩ | ૧૦ |
| ૦૪ કે તેથી વધુ | કુલ જગ્યાઓના ૦૩ ગણા |

(૮) પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી યાદી તૈયાર કરાવામાં આવશે. જાહેરાતમાં જો મહિલાઓ, માજી સૈનિક તથા શારીરિક અશક્ત ઉમેદવારો માટે અનામત જગ્યાઓ હોય અને મેળવેલ ગુણના આધારે જો જાહેરાતમાં દર્શાવેલ અનામત જગ્યાની સંખ્યા સામે પુરતી સંખ્યામાં મહિલા, માજી સૈનિક તથા શારીરિક અશક્ત ઉમેદવારોનો પસંદગી યાદીમાં સમાવેશ ન થતો હોય તો,સબંધિત કેટેગરીના કટ ઓફ માર્કસના ૧૦% જેટલુ ધોરણ હળવુ કરીને કુલ અનામત જગ્યાઓ પૈકી બાકી રહેતી અનામત જગ્યાઓ સામે મહિલા/માજી સૈનિક/શારીરિક અશક્ત ઉમેદવારોનો પસંદગી યાદીમાં સમાવેશ કરવાનો રહેશે

## ૧૭ રૂબરૂ મુલાકાત :-

(૧) રૂબરૂ મુલાકાત આયોગની કચેરી ખાતે જ લેવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ જે ભરતી પ્રસંગો અન્વયે શારીરિક ક્ષમતા કસોટી અને / અથવા શારીરિક માપદંડ ચકાસણીની જોગવાઇ છે, તેવા તમામ તબક્કે ઉમેદવારે ફરજીયાત પણે ઉપસ્થિત રહેવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા બેરોજગાર ઉમેદવારો કે જેઓના માતા-પિતા ની વાર્ષિક આવક આવકવેરા ને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે

આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસ ભાડું મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજુ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજુ કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

(૪) ઈન્ટરવ્યુ કમીટી દ્વારા રૂબરૂ મુલાકાતમાં ઉમેદવારોના એકંદર દેખાવ **(Overall Performance)** ને ધ્યાને લેવામાં આવશે અને ઈન્ટરવ્યુ કમીટી ઈન્ટરવ્યુ દરમ્યાન ઉમેદવાર ના **Overall Performance** ને ધ્યાનમાં રાખીને ચર્ચાવિચારણા કર્યા બાદ સર્વાનુમતે ગુણ આપશે.

**૧૮ <u>નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી )</u>**

(૧) આયોગના ઓનલાઇન મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય

(૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૩) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૪) અરજી ફેક્સથી અથવા ઈ-મેઇલ થી મોકલાવેલ હોય.

(૫) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અપલોડ કરેલ ન હોય.

(૬) અરજી સાથે પૂરેપૂરી ફી ભરેલ ન હોય.

(૭) અનામત કક્ષાના તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએઅરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય

(૯) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૧૦) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૧૧) ઉમેદવારે અરજીપત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નક્કી કરવાની થતી હોય) પરંતુ તેના સમર્થનમાં પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય અથવા તો રજુ કરેલ પ્રમાણપત્રમાં તેઓનો અનુભવનો સમયગાળો, મુળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય તથા સંસ્થાના લેટરપેડ ઉપર ન હોય .

(૧૨) ઓનલાઈન જાહેરાતની અરજી કરવાની રીત ક્રમાંક:૧૫ નીચે સુચવેલ (ઉમેદવારોને સબંધિત) પ્રમાણપત્રો અને જેના આધારે પાત્રતા નક્કી કરવાની થતી હોય તેવા લાગુ પડતા આધાર પુરાવાની પ્રમાણિત કરેલ નકલો આયોગને મોકલવામા આવેલ અરજીપત્રક સાથે જોડેલ નહીં હોય તેવા ઉમેદવારોની અરજી અધુરી ગણીને રદ ગણવામા આવશે.

## ૧૯ **નિમણૂંક :-**

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ /ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

## ૨૦ **ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-**

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી.જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો ,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પુર્ણ કરાવ્યુ હોય ,

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય ,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુકત અથવા ખોટા નિવેદનો કરેલ હોય ,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય ,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય ,

(૮) ઉત્તરવહી માં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,

(૯) પરીક્ષા ખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરિતીઓ પૈકી કોઇપણ ગેરરીતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી અથવા

(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ,ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

**(આશા શાહ)**

સંયુક્ત સચિવ

ગુજરાત જાહેર સેવા આયોગ

## Online અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત:-

આ જાહેરાતોના સંદર્ભમાં આયોગ દ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તા.૧૦-૧૧-૨૦૨૦, ૧૩.૦૦ કલાક થી તા.૦૧-૧૨-૨૦૨૦, ૧૩.૦૦ કલાક સુધીમાં https://gpsc-ojas.gujarat.gov.in પર અરજી પત્રક ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના Steps (૧) થી (૧૬) અનુસરવાના રહેશે. Confirmation Number મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.

(૧) સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

(૨) Apply On line Click કરવું. આ પ્રમાણે click કરવાથી (1) More Details તથા (2) Apply Now બટન દેખાશે. સૌપ્રથમ More Details પર Click કરીને જાહેરાતની બધી જ વિગતોનો અભ્યાસ ઉમેદવારોએ કરવો. અને ત્યારબાદ Apply Now બટન ક્લિક કરવું.

(૩) **શિક્ષણ વિભાગના નિયંત્રણ હેઠળની સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજો ખાતે વિવિધ વિષયોના મદદનીશ પ્રાધ્યાપકોની (ગુજરાત શિક્ષણ સેવા) વર્ગ-૨** ઉપર click કરવાથી જગ્યાની વિગતો મળશે

(૪) તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ "Personal Details"ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદરડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" માં જ્યાં Mobile Number અને email ID માંગ્યા છે, તેની વિગત લખવી જેથી જરૂર જણાયે આયોગ ઉમેદવારને માહિતગાર કરી શકે.

(૫) Personal Details ભરાયા બાદ Educational Details ભરવા માટે Educational Details પર click કરવું અને પોતાની શૈક્ષણિક વિગતો ભરવી.

(૬) Additional Qualification પર "click" કરી Additional Qualification ભરવી.

(૭) Experience Details પર "click" કરવું અને Experience Details ભરવી. વધુ Experience ઉમેરવા માગતા હોવ તો Add. More Exp.પર "click" કરી Details ભરવી.

(૮) Additional Information પર "click" કરી ત્યાં માહિતી ભરવી. જે વધારાનો અનુભવ ojas module માં સમાવિષ્ટ ન થતો હોય, તો સાદા કાગળ પર ojas માં જણાવ્યા મુજબના અનુભવના કોઠા પ્રમાણે આપે વધારાના અનુભવની વિગત ઉમેરીને મોકલવી.

(૯) તેની નીચે "Self-declaration" માં Yes / No પર click કરવું.

(૧૦) હવે save પર “click” કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં તે દર્શાવવાનો રહેશે.

(૧૧) જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો Edit Application માં જઇને કરી શકાશે, આ સુવિધા અરજી Confirm કરતાં પહેલા ઉપલબ્ધ છે. એક વખત અરજી Confirm થઇ ગયા પછી / બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં.

(૧૨) હવે પેજના ઉપરના ભાગમાં upload photo પર click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર click કરો. અહીં, photo અને signature upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી) photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature .jpg Format માં(10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) “Browse” Button પર click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને “Open” Button ને click કરો. હવે “Browse” Button ની બાજુમાં “Upload Button” પર Click કરો હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે.

(૧૩) હવે પેજના ઉપરના ભાગમાં “Confirm Application” પર click કરો અને “Application number” તથા Birth Date Type કર્યા બાદ Ok પર click કરવાથી બે (૨) બટન ૧: Application preview ૨: confirm application દેખાશે. ઉમેદવારે “Application preview” પર ક્લીક કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય, તો Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો. અરજી confirm કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ. અરજી confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ સુધારો થઇ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ confirm application પર ક્લીક કરવું. Confirm application પર ક્લીક કરવાથી ઉમેદવારની અરજીનો આયોગમાં online સ્વીકાર થઈ જશે. અહીં “confirmation number” generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation number સિવાય કોઇપણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની થતી ફી નીચેના બે વિકલ્પો પૈકી કોઈ પણ વિકલ્પથી ભરી શક્શે.

(૧) પોસ્ટ ઓફીસમાં : “Print Challan” ઉપર કલીક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઇને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફિસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ. ૧૦૦/- આયોગની ફી + પૉસ્ટલ સર્વિસ ચાર્જ **તા.**૦૧-૧૨-૨૦૨૦ સુધીમાં ભરવાની રહેશે અને

ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક સાથે જોડવાના આવશ્યક સ્વયં પ્રમાણિત કરેલ પ્રમાણપત્રો (૧) જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઇ. ક્રેડીટ સર્ટિફીકેટની નકલ (૨) નિયત શૈ.લા ના ડીગ્રી પ્રમાણપત્રની નકલ અને ડીગ્રીના અંતિમ વર્ષની માર્કશીટની નકલ (૩) સબંધિત કાઉન્સિલના રજીસ્ટ્રેશનની નકલ (૪) અનુભવના પ્રમાણપત્ર નકલ (૫) નામ / અટકમાં ફેરફાર કરાવેલ હોય તો સરકારી ગેઝેટની નકલ / પરિણીત મહિલા ઉમેદવારે મેરેજ રજીસ્ટ્રેશનની નકલ (૬) શારીરિક રીતે અશક્ત ઉમેદવારે સા.વ. વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્રથી નિયત થયેલ નમુના મુજબનુ પ્રમાણપત્ર (૭) અન્ય લાગુ પડતા હોય તેવા આધાર / પુરાવા અચુક જોડીને ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને આયોગ દ્વારા મંગાવવામા આવે ત્યારે જ અરજીપત્રક બિડાણો સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા આયોગની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે.

(૨) ઓન લાઈન ફી : જમા કરાવવા માટે “Print Challan” ઉપર કલીક કરીને વિગતો ભરવી અને ત્યાં “Online Payment of Fee” ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાંથી “Net Banking Fee” અથવા “Other Payment Mode” ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું Screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે.જેની Print કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઈ ખામી હશે તો Screen પર આપની ફી ભરાયેલ નથી તેમ દેખાશે.

(૧૫) અનામત વર્ગના ઉમેદવારો (ફી માંથી મુકિત અપાયેલ ઉમેદવારો) એ confirm થયેલ અરજીપત્રક તે સાથે જોડવાના આવશ્યક સ્વયં પ્રમાણિત કરેલ પ્રમાણપત્રો (૧) જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઇ. ક્રેડીટ સર્ટિફીકેટની નકલ (૨) જાતિ પ્રમાણપત્રની નકલ (૩) સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારો માટે નિયત થયેલ સમય ગાળામા મેળવેલ નિયત થયેલ પરિશિષ્ટ-ક (૪) નિયત શૈ.લા ના ડીગ્રી પ્રમાણપત્ર અને ડીગ્રીના અંતિમ વર્ષની માર્કશીટની નકલ. (૫) સબંધિત કાઉન્સિલના રજીસ્ટ્રેશનની નકલ (૬) અનુભવના પ્રમાણપત્ર નકલ (૭) નામ / અટકમા ફેરફાર કરાવેલ હોય તો સરકારી ગેઝેટની નકલ / પરિણીત મહિલા ઉમેદવારે મેરેજ રજીસ્ટ્રેશન નકલ (૮) શારીરિક રીતે અશક્ત ઉમેદવારે સા.વ.વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્રથી નિયત થયેલ નમુના મુજબનું પ્રમાણપત્ર (૯) અન્ય લાગુ પડતા હોય તેવા આધાર / પુરાવા અચુક જોડીને અચુક જોડીને ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને આયોગ દ્વારા મંગાવવામા આવે ત્યારે જ અરજીપત્રક બિડાણો સહિત આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા આયોગની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે.

(૧૬) દરેક જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગોવશાત, જો કોઇ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજી, તેની સાથે નિયત ફી ભરેલ હશે, તો તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ્દ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલ ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં

હોય, તો આવા ઉમેદવારની નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

**અરજી ફી** :

(૧) સામાન્ય કેટેગરીના ઉમેદવારે પોસ્ટ ઓફીસમાં રૂ. ૧૦૦/- આયોગની ફી + પૉસ્ટલ સર્વિસ ચાર્જ ભરવાનો રહેશે. અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. અથવા ઓન લાઈન ફી ભરી e-receipt લઈ લેવાની રહેશે.

(૨) મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરે તો પણ તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં. તે સિવાયના ધોરણો બિન અનામત વર્ગના લાગુ પડશે.

(૪) માજી સૈનિક અને શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ ફી ભરવાની રહેતી નથી.

(૫) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહી હોય તેવા ઉમેદવારને કોઇ પણ સંજોગોમાં પ્રાથમિક કસોટી/રૂબરૂ મુલાકાત પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી. આ ફી ફક્ત પોસ્ટ ઓફિસ દ્વારા અથવા ઓન લાઈન ફી જ સ્વીકારવામાં આવશે, રોકડમાં, ડીમાન્ડ ડ્રાફ્ટથી, ઇન્ડિયન પોસ્ટલ ઓર્ડર કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહી. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમિયાન કોઇ ઉમેદવાર, આ જગ્યા ના ભરતી નિયમો તથા જાહેરાતની જોગવાઇઓ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે.

**નોંધ:- શિક્ષણ વિભાગના નિયંત્રણ હેઠળની સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજો ખાતે વિવિધ વિષયોના મદદનીશ પ્રાધ્યાપકોની (ગુ.શિ.સે.) વર્ગ-૨ ની જગ્યાના ભરતી નિયમો, અરજીપત્રક સાથે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની યાદી, વય મર્યાદામાં છુટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ'૪' નો નમૂનો,સરકારી કર્મચારીએ રજુ કરવાના ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટિસબોર્ડ અને આયોગની વેબસાઈટ https://gpsc-ojas.gujarat.gov.in ઉપર જોવા મળશે.**